## શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

## પંદર મી ગુજરાત વિધાનસભા

## ચોથુ સત્ર

# બિનસરકારી વિધેયકઃ

## ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક-૨૦૨૩

માન.ધારાસભ્યશ્રી, ઇમરાન ખેડાવાલા જમાલપુર-ખાડીયા

**Gujarat Bill No. 4 of 2023.**

# THE GUJARAT EMPLOYMENT GUARANTEE BILL, 2023.

*A BILL*

*to make effective provision for securing the right to work by guaranteeing employment to all persons who volunteer to do skill or unskilled work in the State of Gujarat.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૪.**

## ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, ૨૦૨૩.

*ગુજરાત રાજ્યમાં કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઈચ્છતી તમામ વ્યક્તિઓને રોજગારની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરવા માટેનું વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રોજગાર બાંયધરી અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે તરત જ અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,–

(ક) ''પુખ્ત વયની વ્યક્તિ'' એટલે અઢાર વર્ષની વય પૂરી કરી હોય તેવી વ્યક્તિ;

(ખ) ''સમિતિ'' એટલે કલમ ૫ હેઠળ રચાયેલી જિલ્લા રોજગાર બાંયધરી સમિતિ;

(ગ) ''નિયંત્રક'' એટલે કલમ ૬ હેઠળ નીમાયેલા બેરોજગારી નિયંત્રક;

(ઘ) ''કાઉન્સિલ'' એટલે કલમ ૪ હેઠળ રચાયેલી ગુજરાત રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલ;

(ચ) ''અમલીકરણ એજન્સી''માં રાજ્ય સરકારે યોજના હેઠળ હાથ ધરેલ કોઈપણ કામનો અમલ કરવાનું કાર્ય જેને સોંપ્યું હોય તેવા રાજ્ય સરકારના કોઈ વિભાગ, સ્થાનિક મંડળ અથવા રાજ્ય સરકારના અન્ડરટેકિંગ (ઉપક્રમ)નો સમાવેશ થાય છે;

(છ) ''અમલીકરણ અધિકારી'' એટલે નિયંત્રકની સાથે વિચારવિનિમય કરીને અમલીકરણ એજન્સીએ પોતાની સત્તા અને ફરજો પૈકી કોઈ સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા માટે નીમેલા અધિકારી;

(જ) ''સ્થાનિક વિસ્તારો'' એટલે સ્થાનિક મંડળની હકૂમતની અંદર આવતો વિસ્તાર;

(ઝ) ''સ્થાનિક મંડળ'' એટલે તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ સ્થપાયેલું મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા), નગરપાલિકા, પંચાયત અથવા કેન્ટોનમેન્ટ;

(ટ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઠ) ''યોજના'' એટલે કલમ ૭ હેઠળ તૈયાર કરીને પ્રસિદ્ધ કરેલી અને તત્સમયે અમલમાં હોય તેવી રોજગાર બાંયધરી યોજના.

**પુખ્ત વયની વ્યક્તિઓને રોજગારની બાંયધરી.**

3. ગુજરાત રાજ્યમાં પુખ્ત વયની દરેક વ્યક્તિને કામ મેળવવાનો અધિકાર એટલે કે કુશળ અથવા યથાપ્રસંગ, બિન–કુશળ કામ કરવા માટે બાંયધરી આપ્યા મુજબનો રોજગાર મેળવવાનો અને આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલી યોજના અનુસાર તે માટે વેતન મેળવવાનો અધિકાર રહેશે.

સ્પષ્ટીકરણ.– કોઈ પુખ્ત વયની વ્યક્તિ સામાન્ય રીતે કોઈ ખાસ તાલીમ વગર જે કામ કરી શકશે તેવું અપેક્ષિત હોય અને યોજનામાં તે તરીકે વર્ગીકૃત કરેલું હોય તો, તે કામ બિન–કુશળ તરીકે ગણવામાં આવશે.

**રાજ્ય કાઉન્સિલ અને તેના કાર્યો.**

૪. (૧) આ અધિનિયમના અમલની સામયિક સમીક્ષા અને અમલીકરણની દેખરેખના હેતુઓ માટે, ગુજરાત રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલ નામની એક કાઉન્સિલ રહેશે. રાજ્ય સરકાર, કાઉન્સિલના અધ્યક્ષ અને અન્ય સભ્યોને નીમશે. કાઉન્સિલના અન્ય સભ્યોની સંખ્યા એકત્રીસ કરતાં વધવી જોઈશે નહિ, જેમાંના ઓછામાં ઓછા ત્રણ સભ્યો અનુસૂચિત જાતિના સભ્યોમાંથી, ત્રણ સભ્યો અનુસૂચિત આદિજાતિના સભ્યોમાંથી અને ત્રણ સભ્યો મહિલા સભ્યોમાંથી નીમવા જોઈશે.

(૨) કાઉન્સિલનું અન્ય કાર્ય, આ અધિનિયમને લગતી અને યોજના અને તેના અમલીકરણને લગતી તમામ બાબતો વિશે રાજ્ય સરકારને સલાહ આપવાનું રહેશે.

(૩) કાઉન્સિલને યોજનાનું મૂલ્યાંકન કરવાની સત્તા રહેશે અને આ હેતુ માટે, સામાન્ય રીતે ગુજરાતની અર્થવ્યવસ્થા અને લોકોની સામાજિક–આર્થિક પરિસ્થિતિને લગતા અને ખાસ કરીને યોજનાના અમલીકરણને લગતા આંકડા એકત્રિત કરશે અથવા કરાવશે.

(૪) કાઉન્સિલને, આ અધિનિયમ અને યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલા વિશિષ્ટ પ્રશ્નો અને સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે એક અથવા એકથી વધુ અભ્યાસ જૂથોની નિમણૂક માટે રાજ્ય સરકારને ભલામણ કરવાની સત્તા રહેશે.

(૫) કાઉન્સિલ, જિલ્લા રોજગાર બાંયધરી સમિતિઓના કામકાજનું સંકલન કરશે.

૫. (૧) રાજ્ય સરકાર દરેક જિલ્લામાં, એક જિલ્લા રોજગાર બાંયધરી સમિતિ રચશે. દરેક સમિતિ, હોદ્દાની રૂએના અને રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા સભ્યોની બનશે, જે નીચે પ્રમાણે રહેશે:– **સમિતિઓ અને તેમના કાર્યો.**

(ક) હોદ્દાની રૂએ સભ્યો

(૧) જિલ્લામાં, મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, હોય તો, તે,

(૨) જિલ્લામાં, નગરપાલિકાઓના પ્રમુખો,

(૩) જિલ્લા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ,

(૪) જિલ્લામાં, તાલુકા પંચાયતોના પ્રમુખો,

(૫) જિલ્લાના કલેક્ટર.

(ખ) નામનિયુક્ત સભ્યો

(૧) જિલ્લામાં, નાના પાયાના ઉદ્યોગોમાં સંકળાયેલી વ્યક્તિઓમાંથી નામનિયુક્ત કરવાના ત્રણ સભ્યો;

(૨) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ ઔદ્યોગિક વહીવટમાં નિષ્ણાત હોય તેવા, નામનિયુક્ત કરવાના બે સભ્યો;

(૩) મજૂર નેતાઓમાંથી બે સભ્યો;

(૪) ખેત મજૂરોના રજિસ્ટર થયેલા કોઈ યુનિયનમાંથી બે સભ્યો;

(૫) કોઈ વિસ્તાર મુખ્યત્વે અનુસૂચિત આદિજાતિ વિસ્તાર હોય તો, અનુસૂચિત આદિજાતિઓમાંથી બે સભ્યો;

(૬) પછાત વર્ગોની વ્યક્તિઓમાંથી બે સભ્યો;

(૭) બે મહિલા સભ્યો.

(૨) નામનિયુકત સભ્યોની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) એવી દરેક સમિતિના અધ્યક્ષની નિમણૂક, તેના બિન–સરકારી સભ્યોમાંથી કરવામાં આવશે.

(૪) આ સમિતિ, તેની સંબંધિત હકૂમતમાં, વખતોવખત યોજનાના અમલીકરણની દેખરેખ રાખશે અને સમીક્ષા કરશે અને આ અધિનિયમના વધુ અસરકારક અમલીકરણ માટે તેમના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવા પગલાં રાજ્ય સરકારને અને કાઉન્સિલને સૂચવશે.

(૫) સમિતિ, જિલ્લામાંની અમલીકરણ એજન્સીઓની કામગીરીનું સંકલન કરશે.

રોજગાર નિયંત્રક અને તેના કાર્યો.

૬. (૧) સરકાર, દરેક જિલ્લા માટે એક રોજગાર નિયંત્રક નીમશે.

(૨) નિયંત્રક, આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર રહેશે અને આ હેતુ માટે, રાજ્ય સરકારના અને જિલ્લામાંના સ્થાનિક મંડળોના તમામ અન્ય અધિકારીઓ નિયંત્રકને જવાબદાર રહેશે.

યોજના તૈયાર કરીને પ્રસિદ્ધ કરવા બાબત.

૭. (૧) કલમ ૩માં જણાવેલી રોજગાર બાંયધરી યોજનાનો અમલ કરવાના હેતુ માટે, રાજ્ય સરકારે, આ અધિનિયમથી અથવા તે હેઠળ અથવા યોજનામાં જણાવેલી શરતોને અધીન રહીને કુશળ અથવા બિન-કુશળ કામ કરવા ઈચ્છતી તમામ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર પૂરો પાડવા માટેની યોજના તૈયાર કરીને પ્રસિદ્ધ કરવી જોઈશે.

(૨) દરેક નિયંત્રકને, જિલ્લામાં યોજના હેઠળ હાથ ધરવાના કામોની બ્લ્યુ પ્રિન્ટ (રૂપરેખા) તૈયાર કરવા કહેવું જોઈશે.

(૩) નિયંત્રકે, સમિતિ સમક્ષ મંજૂરી માટે બ્લ્યુ પ્રિન્ટ (રૂપરેખા) મૂકવી જોઈશે અને સમિતિ, જિલ્લામાંની અમલીકરણ એજન્સીઓના મંતવ્યો ઉપર વિચારણા કર્યા પછી તેને મંજૂરી આપશે.

(૪) યોજના, ઠરાવવામાં આવે તે રીતે તૈયાર કરીને પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમાં, ઠરાવવામાં આવે તેવી વિગતોનો સમાવેશ થશે.

નોંધણી.

૮. નિયંત્રક, કામ કરવા ઈચ્છતી બેરોજગાર વ્યક્તિઓના નામ અને સરનામા નોંધવા માટે જિલ્લામાં નોંધણી સત્તામંડળો રચી શકશે. નામ નોંધવાના સ્થળો, દરેક વ્યક્તિથી ૧૦ કિલોમીટરના અંતરની અંદર જ હોવા જોઈશે. નોંધણી સત્તામંડળો ઠરાવવામાં આવે તે રીતે કાર્ય કરશે.

સશક્ત વ્યક્તિઓને બાંયધરીયુક્ત રોજગાર આપવા માટે લાગુ પાડવાની શરતો.

૯. (૧) રાજ્યના કોઈ સ્થાનિક વિસ્તારમાં રહેતી હોય અને કોઈ કુશળ અથવા બિન-કુશળ કામ કરવા ઈચ્છતી હોય તેવી દરેક બેરોજગાર પુખ્ત વયની વ્યક્તિ, કલમ ૮ હેઠળ રચાયેલ સત્તામંડળ પાસે પોતાનું નામ અને સરનામું નોંધાવી શકશે. નોંધણી સત્તામંડળ-એ, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી આવી વ્યક્તિઓના નામ અને સરનામા નોંધવા જોઈશે. નોંધણી, રાજ્ય સરકાર નક્કી કરે તેટલી મુદત માટે અમલમાં રહેશે અને તેને વખતોવખત તાજી કરી શકાશે. નોંધણી સત્તામંડળને, કોઈ વ્યક્તિએ પોતાની ઉંમર વિશે ખોટું નિવેદન કરીને પોતાનું નામ નોંધાવ્યું છે એવી ખાતરી થાય તો, સંબંધિત વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, રજિસ્ટરમાંથી તેનું નામ કાઢી નાખી શકશે.

(૨) કોઈ કુટુંબમાં કોઈપણ સશક્ત પુખ્ત વયની સભ્ય ન હોય, તો ૧૫ વર્ષની ઉંમર થઈ હોય તેવી કુટુંબની કોઈ સગીર વ્યક્તિ, આ અધિનિયમના હેતુઓ માટે, પુખ્ત વયની વ્યક્તિ તરીકે ગણાશે અને નોંધણી સત્તામંડળ પાસે પોતાનું નામ અને સરનામું નોંધાવવાને હકદાર રહેશે અને કામ અથવા તેના બદલામાં બેરોજગારી ભથ્થું મેળવવાને હકદાર રહેશે.

સ્પષ્ટીકરણ.– આ પેટા-કલમના હેતુ માટે, 'કુટુંબ' એ શબ્દપ્રયોગનો અર્થ સાથે રહેતા હોય તે પતિ, પત્ની, પિતા, માતા, ભાઈ, બહેન, પુત્ર અને પુત્રી એવો થાય છે.

(૩) નોંધણી થયેલ દરેક વ્યક્તિ, નોંધણીની તારીખથી પંદર દિવસની અંદર રોજગાર મેળવવા માટે હકદાર રહેશે. તે જ્યાં રહેતી હોય તે સ્થાનિક વિસ્તારમાં શક્ય હોય તેટલે સુધી, રોજગાર આપવાનો રહેશે અને તે, તેની શૈક્ષણિક લાયકાતો, અનુભવ અને શારીરિક સ્થિતિ જોતાં તેને માટે યોગ્ય હોવો જોઈશે.

(૪) કોઈ વ્યક્તિના નામની નોંધણીની તારીખથી પંદર દિવસની અંદર રાજ્ય સરકાર તેને રોજગાર આપી શકે નહિ, તો તે, ૧૫ દિવસ પૂરા થયાની તારીખથી, રોજગાર બાંયધરી ફંડમાંથી રોજના રૂ. ૪૫/–ના દરે બેરોજગારી ભથ્થું મેળવવાને હકદાર રહેશે. કોઈ કામ તેને આપવામાં ન આવે ત્યાં સુધી અથવા તેને આપવામાં આવેલ કોઈ કામ કરવાની તે ના પાડે ત્યાં સુધી બેરોજગારી ભથ્થું આપવામાં આવશે.

(૫) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ યોગ્ય રીતે નોંધણી થયેલ બેરોજગાર વ્યક્તિને આપવાનું બેરોજગારી ભથ્થું, રાજ્ય સરકારે જેને આ અર્થે સત્તા આપેલ હોય તે સત્તાધિકારી/સત્તામંડળ મંજૂર કરશે અને ચૂકવશે અને આ હેતુ માટે રાજ્ય સરકાર પોતે યોગ્ય ગણે તેવી કાર્યરીતિ ઠરાવી શકશે.

(૬) કોઈપણ વ્યક્તિ, તેને આપેલ રોજગાર સ્વીકારે નહિ અથવા કામ કરવાનું કહ્યા પછી ૭ દિવસની અંદર તેમ કરવા માટે હાજર થાય નહિ અથવા સતત એક અઠવાડિયા કરતાં વધુ મુદત સુધી અમલીકરણ અધિકારીની પરવાનગી સિવાય કામ ઉપરથી સતત ગેરહાજર રહે અથવા કોઈ મહિનામાં એક અઠવાડિયાની કુલ મુદત સુધી કામ ઉપર ગેરહાજર રહે, તો તે આ અધિનિયમ હેઠળ કોઈ બેરોજગારી ભથ્થા માટે હકદાર રહેશે નહિ.

૧૦. (૧) રાજ્ય સરકાર, દરેક જિલ્લામાં, ઠરાવવામાં આવે તેવી રીતે અમલીકરણ એજન્સી નક્કી કરશે. યોજનાનો અમલ.

(૨) કલમ ૭ અનુસાર તૈયાર કરેલ અને પ્રસિદ્ધ કરેલ યોજના હેઠળ રાજ્ય સરકારે જિલ્લા માટે મંજૂર કરેલા કામ, નિયંત્રકે જિલ્લામાં જુદી જુદી અમલીકરણ એજન્સીમાં વહેંચી આપવા જોઈશે.

(૩) પોતાને સોંપેલા કામ કરવા માટે દરેક અમલીકરણ એજન્સીએ, નિયંત્રક સાથે વિચારવિનિમય કરીને અમલીકરણ અધિકારીઓ નીમવા જોઈશે, જેઓ અમલીકરણ એજન્સી તેમને સોંપે તેવા બીજા કાર્યો બજાવશે.

(૪) અમલીકરણ અધિકારી, નજીકના નોંધણી સત્તામંડળ પાસેથી અમલીકરણ એજન્સીએ કરવાના કામો ઉપર નોકરીએ રાખવા માટે વ્યક્તિઓના નામોની યાદી, વખતોવખત મેળવશે.

(૫) અમલીકરણ અધિકારી, કામ કરવા ઈચ્છતી કોઈ બિન–કુશળ વ્યક્તિને કોઈપણ પ્રકારનું શારીરિક કામ કરવાનો અને તેને એક કામમાંથી બીજા કામમાં તબદીલ કરવાનો આદેશ કરી શકશે.

વેતન. **૧૧.** (૧) વેતન, વખતોવખત ઠરાવવામાં આવે તેવા દરોની અનુસૂચિ અનુસાર આપવામાં આવશે.

(૨) દર, સીધી રીતે કામની ગુણવત્તા અને પ્રમાણ સાથે સંકળાયેલો રહેશે અને શક્ય હોય તેટલે સુધી, અન્ય ઉદ્યોગ અથવા રોજગારમાં તેવા જ કામદારોને અપાતા વેતનના દર જેટલો રહેશે.

(૩) બિન–કુશળ કામદારો માટે, દરો એવી રીતે નક્કી કરવાના રહેશે કે દરરોજના આઠ કલાક ખંતથી કામ કરનાર વ્યક્તિને સામાન્યતઃ રાજ્યના ખેત મજૂર માટે વખતોવખત ઠરાવેલા ઓછામાં ઓછા વેતન જેટલું કુલ વેતન મળી રહે.

શિક્ષા. **૧૨.** જે કોઈ વ્યક્તિ,–

(ક) રોજગારમાં હોય પણ કલમ ૯ની પેટા–કલમ (૧) અથવા (૨) હેઠળ પોતાનું નામ નોંધાવે અને તે કલમની પેટા–કલમ (૪) હેઠળ બેરોજગારી ભથ્થું મેળવે; અથવા

(ખ) કલમ ૯ની પેટા–કલમ (૪) હેઠળ બેરોજગારી ભથ્થું મેળવે અને અન્ય સ્થળે રોજગાર સ્વીકારે પણ સંબંધિત નોંધણી સત્તાધિકારીના ધ્યાનમાં આ હકીકત લાવે નહિ અને બેરોજગારી ભથ્થું મેળવવાનું ચાલુ રાખે, તે વ્યક્તિને, દોષિત ઠર્યે, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને મેળવેલા બેરોજગારી ભથ્થાની રકમની બમણી રકમ સુધીના દંડની શિક્ષા થશે.

રોજગાર બાંયધરી ફંડની સ્થાપના. **૧૩.** (૧) આ અધિનિયમના આરંભની તારીખે, રાજ્ય સરકાર, રોજગાર બાંયધરી ફંડ એ તરીકે ઓળખાતું એક ફંડ રચશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ રચાયેલ રોજગાર બાંયધરી ફંડમાં નીચેનું જમા કરવામાં આવશેઃ–

(ક) અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન મળેલા વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરના વેરાની તમામ રકમ,

(ખ) રાજ્ય સરકારે, કેન્દ્ર સરકારે અથવા કોઈ સ્થાનિક મંડળે આપેલા કોઈ ફાળા અથવા ગ્રાન્ટ,

(ગ) અન્ય સંસ્થાપિત કે બિન–સંસ્થાપિત મંડળો અથવા વ્યક્તિઓ પાસેથી મળેલી કોઈ રકમો.

(૩) ફંડમાં જમા થયેલી રકમ, યોજનાનો અમલ કરવાના હેતુ માટે ઠરાવવામાં આવે તે રીતે અને તેવી શરતને અધીન રહીને ખર્ચવામાં આવશે.

**૧૪.** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, એવો આદેશ કરી શકશે કે યોજના અને નિયમો કરવાની સત્તા સિવાય આ અધિનિયમ હેઠળ તેણે વાપરવાની સત્તા, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતો હેઠળ તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અધિકારીઓ અથવા તેના તાબાના અધિકારીઓ પણ વાપરી શકશે. **સત્તાની સોંપણી.**

**૧૫.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ યોજના અથવા નિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા નહિ કરેલા તેવા કોઈ કાર્ય માટે રાજ્ય સરકાર અથવા કોઈ સત્તાધિકારી અથવા અધિકારી અથવા મંડળ અથવા વ્યક્તિ સામે કોઈપણ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ. **શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.**

**૧૬.** (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના તમામ અથવા કોઈપણ હેતુ સિદ્ધ કરવા માટે નિયમો કરી શકશે. **નિયમો કરવાની સત્તા.**

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય જે બાબતો આ અધિનિયમથી નિયમો દ્વારા ઠરાવવાનું સ્પષ્ટ રીતે ફરમાવ્યું હોય અથવા છૂટ આપી હોય તેવી તમામ બાબતો અથવા તે પૈકી કોઈ બાબતની જોગવાઈ કરવા માટે આવા નિયમો કરી શકાશે.

(૩) આ કલમથી સોંપવામાં આવેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ–પ્રસિદ્ધિ પછી કરવામાં આવતા નિયમોની શરતને અધીન રહેશે.

(૪) આ કલમ હેઠળ કરવામાં આવેલ તમામ નિયમો તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જેમાં તે એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યાર પછી તરત આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

## ઉદ્દેશો અને કારણો

પશ્ચિમ બંગાળ અને કેરળ સરકારે બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું મેળવવાનો હક મળે એવા કાયદા કર્યા છે. મહારાષ્ટ્ર સરકારે પણ આ દિશામાં પગલાં લીધાં છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને બ્રિટન જેવા દેશોએ પણ બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું આપવા માટેની જોગવાઈઓ કરી છે. સમાજવાદી દેશોમાં, કામ મેળવવાના અધિકારને મૂળભૂત અધિકારમાંના એક અધિકાર તરીકે માન્ય કરવામાં આવ્યો છે. આપણા સંવિધાનમાં, અનુચ્છેદ ૪૧ હેઠળ, બીજી બાબતોની સાથોસાથ, બેરોજગારીના કિસ્સામાં કામ મેળવવાનો અધિકાર સુનિશ્ચિત કરી આપવા માટે અસરકારક જોગવાઈ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સંવિધાનના આમુખમાં "સમાજવાદી" શબ્દને સ્થાન આપવામાં આવ્યું છે. સ્વાતંત્ર્યના છોત્તેર વર્ષ પછી પણ, બેરોજગાર કુશળ અને બિન-કુશળ વ્યક્તિઓનો સમુદાય વધતો જ રહ્યો છે. આ પરિસ્થિતિ બેરોજગાર વ્યક્તિઓના મનમાં આગની જેમ અશાંતિ ફેલાવે છે અને વ્યક્તિના વિકાસને પણ રૂંધે છે.

સામાજિક ન્યાયના હિતમાં સરકારે બેરોજગારીની આ ભયંકર પરિસ્થિતિનો અંત લાવવા માટે તરત જ હકારાત્મક અને અસરકારક પગલાં લેવા માટેનો સમય હવે પાકી ગયો છે. દિવસના અંતે કોઈપણ વ્યક્તિ અન્ન વગર ન રહે તે આજની ઘડીનો તકાજો છે. કોઈપણ આકર્ષક સ્વરૂપની યોજના ભૂખ્યા માણસને સંતોષી શકે નહિ.

આજની ઘડીનો એ તકાજો છે કે "તમામ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર આપો અથવા રોજગાર આપી ન શકો તો બેરોજગારી ભથ્થું આપો." તેથી આ વિધેયક.

**ગાંધીનગર,** **ઈમરાન ખેડાવાલા,**
**તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## નાણાકીય યાદી

કલમ ૧૩.– પેટા–કલમ (૧)થી રોજગાર બાંયધરી ફંડ સ્થાપવા અને નિભાવવા માટે જોગવાઈ કરી છે.

પેટા–કલમ (૨)થી, અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરના વેરામાંથી મળેલ રકમ અને રોજગાર બાંયધરી ફંડમાં રાજ્ય સરકારે આપેલા કોઈ ફાળા અથવા ગ્રાન્ટની રકમ આપવાની જોગવાઈ કરી છે.

આ જોગવાઈઓથી રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ કરવાનું આવે છે. રાજ્ય સરકારને આમાં ચોક્કસ કેટલું ખર્ચ થશે તે આકારવાનું મુશ્કેલ હોવાથી, આવર્તક અથવા અનાવર્તક ખર્ચનો અંદાજ આપવો શક્ય નથી.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**

**તારીખઃ ૬ટ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોમાં ધારાકીય પ્રકારની સત્તા સોંપવાનો સમાવેશ થાય છે:–

કલમ ૪.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજ્ય રોજગાર બાંયધરી કાઉન્સિલના અધ્યક્ષ અને સભ્યો નીમવાની સત્તા મળે છે.

કલમ ૫.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, દરેક જિલ્લામાં, જિલ્લા રોજગાર બાંયધરી સમિતિ રચવાની સત્તા મળે છે.

કલમ ૬.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, રોજગાર નિયંત્રક નીમવાની સત્તા મળે છે.

કલમ ૭.– (૧) આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, તમામ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર આપવાની યોજના તૈયાર કરીને પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા–કલમ (૪)થી, રાજ્ય સરકારને, યોજના તૈયાર કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮.– આ કલમથી, રાજ્ય સરકારને, નોંધણી સત્તામંડળે કાર્ય કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૯– આ કલમની પેટા–કલમ (૫)થી, રાજ્ય સરકારને, બેરોજગારી ભથ્થું મંજૂર કરવા અને ચૂકવવા માટેના સત્તાધિકારી/સત્તામંડળ અને કાર્યરીતિ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૦.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, અમલીકરણ એજન્સી નક્કી કરવાની અને એવી એજન્સીઓ નક્કી કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૧.– આ કલમની પેટા–કલમ (૧)થી, રાજ્ય સરકારને, વેતનના દર ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.– આ કલમની પેટા–કલમ (૩)થી, રાજ્ય સરકારને, ફંડમાં જમા થયેલી રકમ ખર્ચવાની રીત અને શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૪.– આ કલમથી, રાજ્ય સરકારને, પોતાની સત્તા પોતાના તાબાના અધિકારીઓને સોંપવાની સત્તા મળે છે.

કલમ ૧૬.– આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**ગાંધીનગર,**
**તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.**

**ઇમરાન ખેડાવાલા,**
**વિ.સ.સ.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪. ]**

ગુજરાત રાજ્યમાં કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઈચ્છતી તમામ વ્યક્તિઓને રાજગોરની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરવા માટેનું વિધેયક.

**[ શ્રી ઈમરાન ખેડાવાલા,**

**વિ.સ.સ. ]**

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩જી તારીખે ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# બિન સરકારી વિધેયક ક્રમાંક-૪, સને ૨૦૨૩ બાબતે

## માન.મંત્રીશ્રી (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) માટેની સ્પીચ

| ક્રમ | વિષય | વિવરણ |
|---|---|---|
| ૧ | વિધેયકનુ હાર્દ | • અમદાવાદના જમાલપુર-ખાડિયા મતવિસ્તારના માન.ધારાસભ્યશ્રી શ્રી ઇમરાન ખેડાવાલાએ વિધાનસભામાં બિનસરકારી વિધેયક સને ૨૦૨૩ નુ વિધેયક ક્રમાંક ૪, "ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક" રજુ કરેલ છે.<br>• પ્રસ્તુત વિધેયકમાં બેરોજગાર વ્યક્તિઓને બેરોજગાર ભથ્થુ આપવા અંગેની જોગવાઇ સૂચવેલ છે.<br>• માન.ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રસ્તુત બિન સરકારી વિધેયકના ઉદ્દેશો અને કારણોમાં જણાવ્યા મુજબ પશ્રિમ બંગાળ અને કેરળ રાજયમાં બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થુ મેળવવાનો હક્ક મળે તેવા કાયદા કર્યા હોવાનો ઉલ્લેખ છે.<br>• માન. અધ્યક્ષશ્રી, આ અંગે હું આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માંગું છું કે, ભારત સરકાર દ્વારા પ્રકાશિત અહેવાલ ધ્યાને લેતાં છેલ્લા પાંચ વર્ષમાં પશ્રિમ બંગાળમાં બેરોજગારીનો સરેરાશ દર ૩.૫૪ ટકા, કેરળ માં ૯.૧૪ ટકા જયારે ગુજરાત માં માત્ર ૨.૨૪ ટકા રહેલ છે.<br>• આમ, પ્રાથમિક રીતે જ જોતાં જણાય છે કે, ગુજરાત જેવા પ્રગતિશીલ રાજય માટે આવા પ્રકારના વિધેયકની કોઇ આવશ્યકતા જણાતી નથી.<br>• રાજય સરકાર દ્વારા યુવાનોને રોજગારી ઉપલબ્ધ થઇ શકે તેવા અનેકવિધ પગલાંઓ લીધેલ છે.<br>• રોજગારી સંદર્ભે ગુજરાત રાજયની સ્થિતિ અંગે જાણ કરવા માંગું છું અને યુવાનોને રોજગારી મળી રહે તે માટે રાજય સરકારે લીધેલ અનેક કલ્યાણકારી પગલાઓની માહિતી આપવા માંગું છું. |
| ૨ | રોજગારી સંદર્ભે ગુજરાતની સ્થિતિ | • રાજય સરકાર દ્વારા યુવાનોને રોજગારી મળી રહે તે માટે જરૂરી માળખાકીય સુવિધાઓ સહિત અદ્યતન તાલીમી સંસ્થાઓ કાર્યરત કરેલ છે. રાજયના યુવાનોને રોજગારી મળી રહે તે માટે સમગ્ર રાજયમાં આઇ.ટી.આઇ.નું વિસ્તૃત નેટવર્ક ઉભુ કરવામાં આવેલ છે. જેમા છેલ્લા બે દાયકાની વાત કરૂ તો વર્ષ ૨૦૦૦ માં ૩૭૫ આઇ.ટી.આઇ. કાર્યરત હતી. જયારે હાલમાં ૨૦૨૪માં ૫૫૮ આઇ.ટી.આઇ. ઓ કાર્યરત છે. જેમાં કુલ ૨,૧૬,૮૪૪ (બે લાખ સોળ હજાર આઠસો ચુમ્માલીસ) બેઠકો છે. |

| | | |
|---|---|---|
| | | • ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા ઓક્ટોબર-૨૦૨૩ માં રોજગારી અંગેના પ્રકાશિત થયેલ આંકડા મુજબ રોજગાર કચેરીઓ મારફતે ૨૦૨૨ ના વર્ષ માટે રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે રહેલ છે. એટલુ જ નહીં વર્ષ ૨૦૦૨ થી સમગ્ર દેશમાં રોજગારી પૂરી પાડવામાં પ્રથમ ક્રમાંકે છે.<br>• ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ થયેલ અન્ય એક અહેવાલ અનુસાર સમગ્ર દેશનો બેરોજગારીનો દર ૩.૨ છે. જ્યારે ગુજરાતનો બેરોજગારીનો દર માત્ર ૧.૭ છે.<br>• ગુજરાત રાજયની રોજગાર કચેરીઓ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુ ઉમેદવારોની સંખ્યામાં છેલ્લા ૦૫ વર્ષમાં ૪,૫૮,૦૯૬ (ચાર લાખ અઠ્ઠાવન હજાર છન્નુ) થી ઘટીને ૨,૮૭,૪૨૦ થયેલ છે. |
| 3 | રાજયમાં રોજગાર કચેરીઓનું નેટવર્ક અને કામગીરી | • રાજ્યમાં ૪૬ રોજગાર કચેરીઓનું નેટવર્ક છે. જેમાં જીલ્લા રોજગાર વિનિમય કચેરીઓ-૩૩, યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર-૮ તથા અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે ખાસ "નગર રોજગાર વિનિમય કચેરીઓ"-૫ કાર્યરત છે.<br>• રોજગાર કચેરીઓ દ્વારા નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, રોજગાર ભરતી મેળાઓનું આયોજન, સ્વરોજગાર શિબિરો, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની કામગીરી મારફતે રોજગારી અપાવવામાં રોજગાર કચેરીઓ મદદરૂપ થાય છે.<br>• રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૧૯,૬૬૦ (પાંચ લાખ ઓગણીસ હજાર છસો સાહીઠ) ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૨,૩૫૬ રોજગાર ભરતીમેળાના આયોજન થકી ૨,૫૪,૮૭૮ (બે લાખ ચોપન હજાર આઠસો ઇઠોતેર) ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે<br>• ગુજરાતના યુવાનો ભારતીય સંરક્ષણદળોમાં જોડાય તે માટે આર્મી (પાયદળ), એરફોર્સ (હવાઇદળ) અને નેવી (નૌકાદળ) ના ભરતી અધિકારીઓના સહયોગથી સંરક્ષણ ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે અને પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ યોજના દ્વારા ઉમેદવારોને શારીરિક તથા લેખિત પરીક્ષાની તૈયારી માટે સઘન તાલીમ આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૪ | રોજગારી માટે રાજ્ય સરકારની નવીન પહેલ "અનુબંધમ" પોર્ટલ | • ગુજરાતના યુવાનોને રોજગારી આપવા તથા નોકરીદાતાઓને તેમની જરૂરીયાત મુજબનું માનવબળ ઓનલાઈન વ્યવસ્થાથી પુરી પાડવાના હેતુથી "અનુબંધમ" વેબપોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ વેબપોર્ટલ નોકરીદાતા અને રોજગારવાંચ્છુ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે.<br>• "અનુબંધમ" વેબ પોર્ટલ પર કુલ ત્રણ લાખથી વધુ ઉમેદવારો તથા ૪૭,૦૦૦ થી વધુ નોકરીદાતાઓ નોંધાયેલા છે.<br>• રાજ્યના યુવાનોને રોજગાર કચેરીનો રૂબરૂ સંપર્ક કર્યા વગર પણ વિવિધ રોજગારલક્ષી તથા કારકીર્દીલક્ષી માહિતી અવિરત મળી રહે તે હેતુથી કોલ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. |
| ૫ | કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સીટી ના અભ્યાસક્રમો<br>દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દુરંદેશીથી કૌશલ્યા યુનિવર્સીટીની સ્થાપના | • રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારના તાબા હેઠળ કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે જેના તમામ અભ્યાસક્રમો વિવિધ ઉધ્યોગની જરૂરિયાત મુજબ જ શરૂ કરવામાં આવેલ છે તથા તમામ અભ્યાસક્રમો નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ બનાવવામાં આવેલ છે.<br>• હાલની વિશ્વની માંગ મુજબ ગ્રીન એનર્જીના ખ્યાલના વ્યાપમાં વધારો કરવા ગ્રીન અને રિન્યુએબલ એનર્જીનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે.<br>• રાજ્યમાં સેમીકંડકટર ઉદ્યોગના વ્યાપ માટે તેમજ સેમીકંડકટર ક્ષેત્રમાં પ્રવર્તમાન કૌશલ્યની ઉણપ દૂર કરવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવેલ છે. જેના કારણે આ ક્ષેત્રમાં સ્થાપિત થનારા ઉધોગોને જરૂરી કુશળ માનવબળ ઉપલબ્ધ થશે. |
| ૬ | સ્કીલ ડેવલપમેન્ટ માટે થયેલ એમ. ઓ. યુ. | કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા નામાંકિત ઉદ્યોગ ગૃહો સાથે એમ.ઓ.યુ કરવામાં આવેલ છે જેમા પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ, એમજી મોટર્સ, ટેલિકોમ સ્કીલ સેક્ટર કાઉન્સિલ, અંકલેશ્વર ઉદ્યોગ એસોસિએશન જેવા નામાંકિત ઉદ્યોગ ગૃહો મુખ્ય છે.<br>કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ- ૨૦૨૪ દરમિયાન કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ સાથે કૌશલ્ય ક્ષેત્રે તકો ઉપલબ્ધ કરવા ૦૫ આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ અને ૦૭ ઉદ્યોગો/સંસ્થાઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. |

| | | |
|---|---|---|
| ૭ | ડ્રોન તાલીમ | ડ્રોન ક્ષેત્રમાં તાલીમબદ્ધ ડ્રોન પાયલટની માંગને ધ્યાને લેતાં કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટી ધ્વારા સ્કુલ ઓફ ડ્રોન મારફત ડ્રોન પાયલટનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. રાજયમાં હાલમાં ૪૫ જેટલા આઇ.ટી.આઇ. ના ઇન્સટ્રકટરને ડ્રોન માસ્ટર પાયલટ ટ્રેનર તરીકે તાલીમ આપી તૈયાર કરવામાં આવેલ છે.<br>આજ દીન સુધીમાં ૩૨૧ ઉમેદવારોને ડ્રોન પાયલટની તાલીમ આપી લાયસન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે તેમજ ડ્રોન મેન્યુફેચરીંગ એન્ડ એસેમ્બલીના કોર્ષમાં ૮૨૯ જેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે.<br>કૌશલ્યા– ધ સ્કિલ યુનિવર્સિટીએ "ડ્રોન મંત્રા" નું આગવું મોડેલ વિકસાવ્યું છે. ડ્રોન ઉત્પાદન અને તાલીમ માટેની લેબમાં અત્યાધુનિક મશીનરી અને ટેકનોલોજી સાથે તાલીમ પૂરી પાડવામાં આવે છે.<br>રાજયમાં પ્રથમ તબક્કે ૨૦ આઈ.ટી.આઈ. ખાતે ડ્રોન પાયલટ ટ્રેનીંગ આપવાનું આયોજન છે. |
| ૮ | મેગા આઇટીઆઇ | • રાજ્યમાં ઉદ્યોગોની જરૂરિયાતને પહોંચી વળવા બદલાતા સમય સાથે રાજયની પાંચ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કુબેરનગર, સુરત, તરસાલી, રાજકોટ અને દાહોદને મેગા આઇ.ટી.આઇ. બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. |
| ૯ | રોજગારી સંદર્ભે સરકારશ્રીની અન્ય યોજનાઓ | • ગ્રામ્ય વિસ્તારની વસ્તીને રોજગારી પુરી પાડવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી એકટ છે તેમા નાણાકીય વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી આપવાની જોગવાઈ છે. તે ઉપરાંત રોજગારી ન મેળવનારને બેરોજગારી ભથ્થું આપવાની જોગવાઈ છે. જેથી બેરોજગારી ભથ્થુ આપવાની અન્ય યોજનાની જરુર રહેતી નથી.<br>• પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ બિન-કોર્પોરેટ, બિન-કૃષિ, નાના તથા સૂક્ષ્મ ઉદ્યોગોને રૂપિયા દસ લાખ સુધીની લોન આપવા માટે યોજના અમલમાં છે. |

માન.અધ્યક્ષશ્રી,

વધુમાં આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરતાં જણાવું છું કે, આ વિધેયક જો અમલ આવે તો રાજયના યુવાનો પરાવલંબી બનવાની સાથે સામાજીક અને કૌટુંબિક ફરજો પ્રત્યે સક્રિય નહીં  રહે. જે રાજયના તંદુરસ્ત વિકાસની ગતિ માટે અવરોધરૂપ પુરવાર થશે.

રાજયના યુવાનોને આપવામાં આવેલી રોજગારીની વિપુલ તકો તેમજ રાજય સરકાર દ્વારા રોજગાર કચેરીઓના માધ્યમથી પુરી પાડવામાં આવેલ રોજગારીના આંકડાઓ જોતાં રાજયના યુવાનો માટે રોજગારીની વિશાળ તકો પ્રપ્ત છે. આ ઉપરાંત રાજય અને રાજય બહાર ઉપલબ્ધ રોજગારી માટે ગુજરાતના યુવાનો માટે વિવિધ પ્રકારના કૌશલ્ય સાથે સમયની માંગને અનુરૂપ ટેકનોલોજી ની તાલીમ મેળવી રોજગારક્ષમ બને તેવી અનેક યોજનાઓ પણ અમલમાં છે.

માન.અધ્યક્ષશ્રી,

આથી મે ગૃહ સક્ષમ રજૂ કરેલી આ તમામ વિગતો ધ્યાને લેવા વિનંતી છે, આ મુદ્દાઓ ધ્યાને લેતાં સમગ્ર ગૃહ પણ એ વાત સાથે સંમત થશે કે રાજય સરકાર બેરોજગારી ઘટાડવા અને રોજગારી આપવા માટે સતત પ્રયત્નશીલ છે. જેથી માનનીય સભ્યશ્રીએ રજૂ કરેલ બિન સરકારી વિધેયક "ગુજરાત રોજગારી બાંયધરી વિધેયક-૨૦૨૩" પાછું ખેંચી લેવામાં આવે તેવી વિનંતી કરૂ છું.